# રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વાવલંબનની પ્રવૃત્તિ આત્મનિર્ભર ભારતનો ઉત્તમ દાખલો

## ૧૫૦૦ કિલો બટાકાનું ઉત્પાદન : ૨૫૦૦૦ હજાર રૂપિયાનું બટાકાનું બિયારણ

ચિલોડા, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ, સાદરા દ્વારા સ્વાવલંબનની સરસ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. અને આત્મનિર્ભર ભારતનું એક આદર્શ નમૂનો સમાજ સામે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.



આમ તો દરેક વર્ષે રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓએ બટાકાની ખેતી ગાંધીજીના સ્વાવલંબન પ્રવૃત્તિના એક ઉત્તમ ઉદાહરણ તરીકે સાદરા ખાતેના પરિસરમાં કરે છે. અને આ પ્રવૃત્તિથી પ્રાપ્ત થયેલ નાણાને વિદ્યાર્થી કલ્યાણ નીધિમાં જમા કરાવી દે છે અને ગરીબ અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને કલ્યાણ નિધિમાંથી આર્થિક સહાય આપવામાં આવે છે ગયા વર્ષે રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓએ બટાકાની ખેતી કરી ૧૫૦૦ કિલો બટાકા ઉત્પાદનથી ૨૦૦૦૦ હજાર રૂપિયા અને ૮ બોરી બિયારણ તરીકે કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવી હતી.

જેની અંદાજિત કિંમત આ વર્ષે ૨૫૦૦૦ હજાર રૂપિયા હતી. એમ કુલ ૪૫૦૦૦ રૂપિયાની આવક થઈ હતી અને આ વર્ષે પણ વિદ્યાર્થીઓની કોરોના મહામારીના કારણે પરિસરમાં ન હોવાથી પણ સેવકો દ્વારા બટાકાની ખેતીનું સરસ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંસ્થાના સેવક ડૉ. દલસંગભાઈ ચૌધરી, ડૉ. અરવિંદભાઈ રામીના નેતૃત્વમાં બટાકાની ખેતી કરવામાં આવી રહી છે. અને કનુભાઈ બારૈયા, સંજયભાઈ રહેવર, ભરતભાઈ રહેવર, અજયભાઈ ઝાલા અને ગણેશભાઈ રાયકા બટાકાની ખેતીમાં પોતાની સેવા આપી રહ્યા છે. દરેક વર્ષે બટાકાનું ઉત્પાદન પછી તેને ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ વિભાગોની મેસ અથવા



રસોડામાં આપી દેવામાં આવે છે અને બજાર કિંમતથી ઓછા ભાવ રસોડામાં આપીને જે રૂપિયા પ્રાપ્ત થાય છે તેને વિદ્યાર્થી કલ્યાણ નિધિમાં જમા કરાવી દેવામાં આવે છે.

આ રીતે એક આદર્શ નમૂનો સ્વાવલંબન અને આત્મનિર્ભર ભારતના રૂપે સાદરા શારીરિક શિક્ષણ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો સમાજમાં આપી રહ્યા છે જેમાં ડીનશ્રી પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફીસર ડૉ. નીરજ સિલાવટનો માર્ગદર્શન અને પ્રેરણા રહે છે. વિશેષમાં ગયા વર્ષનું બટાકાનું બિયારણ રાષ્ટ્રીય સેવા યોજન એકમના કર્મઠ સ્વયંસેવક રતનસિંહ ડાભીએ નિઃશુલ્ક સેવા ભાવે આપ્યુ હતુ.

# વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા સાંઈરામ દવેને એવોર્ડ એનાયત થયો

## અમેરિકાના ઓર્ગેનાઈઝેશને સાંઈરામનું સન્માન કર્યું




ગાંધીનગર, તા. ૨૨

વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન અમેરિકાએ પ્રસિદ્ધ હાસ્યકાર અને લોકસાહિત્ય કાર સાંઈરામ દવે ને વિશિષ્ઠ પ્રતિભા સન્માન બદલ એવોર્ડ એનાયત કર્યો હતો.

છેલ્લા ૨૩ વર્ષથી હાસ્ય અને લોકસાહિત્ય ની તેમની સેવાઓ તેમજ પંદર જેટલા પુસ્તકો અને કોરોનાના આ કપરા કાળમાં લોકોને વર્ચ્યુલ વર્લ્ડ દ્વારા ખુશ રાખવા બદલ આ એવોર્ડ અપાયો હતો, અમેરિકામાં વસતા ગુજરાતી પરિવારો દ્વારા ચાલતું આ એક વૈશ્વિક ઓર્ગેનાઈઝેશન છે. જેના સથાપક મિહિરભાઈ બ્રહ્મભટ્ટ - ન્યુજર્સી સ્થિત છે. આ એવોર્ડ ફંકશનમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સરડવા સાહેબ, શાસનાધિકારી શ્રી કિરીટસિંહ, શિક્ષણ વિદ નૈષધ મકવાણા તથા ભરૂચ થી સંગીતાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

સાંઈરામ દવે ને ગુજરાત સરકારે ૨૦૦૭ માં ૩૨ વર્ષની ઉમરે "ગુજરાત ગૌરવ પુરસ્કાર્લ્થી નવાજેલ છે. ત્યાર બાદ રાજ્યપાલ દ્વારા "ગ્લોરી ઓફ ગુજરાત" અને "ઝ્વેલ ઓફ ગુજરાત" એવોર્ડ પણ મળેલો છે. યુવા વર્ગમાં બહોળો ચાહક વર્ગ ધરાવતા સાંઈરામ દવે ગુજરાતી ડાયરા નું ઘરેણું છે.

# જીવ દયા એજ પ્રભુ પુજા





ગાંધીનગર, તા. ૨૨

જ્યારે જ્યારે જીવદયા ની જરૂર હોય છે ત્યારે ૨- રત્નમ બંગ્લોઝ,સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ ખાતે વસવાટ કરતાં જીવદયા પ્રેમી એવા પટેલ મુકેશભાઈ છગનદાસ કે જેઓ જીવદયા માટે ઉત્તરાયણ પર્વના દિવસે મૂંગા પશુ એટલે કે કુતરાઓ માટે ચોખ્ખા ઘીના લાડું પિરસી પોતાની નૈતિક ફરજ પુરી પાડી રહ્યા છે. તેઓ અને તેમના સાથી મિત્રો ભેગા મળીને કૂતરાઓ માટે ચોખ્ખા ઘીના લાડું તૈયાર કરે છે. અને પછી પોતાના વિસ્તારમાં સ્વાદિષ્ટ લાડું પિરસી એક માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. અને આ કાર્ય છેલ્લાં બે વર્ષથી આ જીવદયાની સેવા અવિરત ચાલુ છે. તેઓનું સમગ્ર સમાજને કહેવું છે કે ફુલ નહીં તો ફુલ ની પાંખડી થી જીવદયા કરો. તમે તમારા ગામની અંદર, તમારી કોલોનીની અંદર જીવદયા કરો તે અમુલ્ય છે. જો અબોલ પશુઓના આશીર્વાદ મળી જશે તો કોરોના તો શુ છે કોરોનાના ફાધર પણ કાંઈ કરી શકશે નહીં. મારી સમગ્ર જનતાને અપીલ છે કે સૌ જીવદયા માટે આગળ આવી સાર્થક કરી દો કે જીવદયા લોહીમાં ભરેલી છે.



## આંતરરાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી થઈ...


શ્રીનિવાસ રામાનુજનની ૧૨૫ મી જન્મ જયંતી નિમિત્તે આપણા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘ દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ ૨૨ ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઘોષિત કર્યું હતું. આ નિમિત્તે ગાંધીનગર ખાતે આવેલ એસ.એસ.વી. કેમ્પસના વિદ્યાર્થીઓએ ગણિત વિષય આધારિત વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આંતર રાષ્ટ્રીય ગણિત દિવસ પર સ્પિચ આપી, ગણિત જેવો અઘરો લાગતો વિષય પણ 'જ્ઞાન સાથે ગમ્મત' કરતા કરતા સહેલો કરી શકાય તેવી પ્રવૃત્તિઓ કરી તે ઉપરાંત વિદ્યાર્થીઓએ શ્રીનિવાસ રામાનુજન નામ સુંદર ચિત્રો બનાવ્યા હતા.

# 'ગુજરાતમાં નારી ચેતના'ના લેખક શિરીન મહેતા સાથે મુલાકાત

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત યુનિવર્સિટી ઈતિહાસ વિભાગના પૂર્વ અધ્યક્ષ, ઈંગ્લેન્ડમાં સુંદરલેન્ડ યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર, અને ઈતિહાસવિંદની જાણીતા સાહિત્યિક ભાવક અને અભ્યાસુ ભાનુભાઈ દવેએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. પ્રો. શિહીન મહેતાએ તેઓ દ્વારા લિખિત 'ગુજરાતમાં નારી ચેતના' પુસ્તક ભાનુભાઈ દવેને આપ્યું હતું તથા વંચિત સમાજની મહિલાઓના પડકાર વિષેની રૂબરૂ મુલાકાત આધારિત અનુભવો વર્ણવ્યા હતા.

આ પુસ્તકમાં પ્રાચીન સમયમાં ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો, નવા યુગની નારીઓની પલટાતી જતી તાસીર, ગાંધીયુગની દૃષ્ટાંતરૂપ ચેતના સ્વરુપ



મહિલાઓ વંચિત અને આદિવાસી સમાજની માટે કામ કરતી સંસ્થાઓ વિષેના અભ્યાસ લેખો દ્વારા રસપૂર્વક આલેખન કરવામાં આવ્યું છે.

ભાનુભાઈ દવેએ કોરોના કાળ દરમિયાન આર્થિક રીતે પરેશાન અતિપછાત સમાજના પરિવારોની પુરુષાર્થી અને શ્રમિક મહિલાઓની વિટંબણાઓ અને તેઓના સશક્તિકરણ વિષે માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે ઈતિહાસના વિવિધ પાસાઓમાં રિસર્ચ કરનારા - લેખક, એક અખબારના નિયમિત કોલમિસ્ટ અને જાણીતા ઈતિહાસવિદ્ મકરંદ મહેતા પણ ઉપસ્થિત હતા અને તેમના વિચારો આપ્યા હતા.

# વચનામૃત ગ્રંથની ૨૦૧મી જયંતિની ઉજવણી કરાઈ

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિ નારાયણ મંદીર, મણિનગર ખાતે, શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી જીતેન્દ્રપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં વચનામૃત ગ્રંથની ૨૦૧મી જયંતીની ઊજવણી કરવામાં આવી હતી, જેમાં હસ્તપ્રત વચનામૃત હતા જેમનું ફુલ, અક્ષતથી પૂજન, અર્ચન, આરતી કરવામાં આવી હતી. હરિભકતોએ ઓનલાઈન દેશ-વિદેશમાં દર્શન કર્યા હતા.







પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ગાંધીનગર ખાતે પ્રદેશ અધ્યક્ષ આદરણીય સી.આર.પાટીલજીના વરદ હસ્તે ભારતીય જનતા પાર્ટી ખેડા જિલ્લાના અધ્યક્ષ તથા મહેમદાવાદના ધારાસભ્ય અર્જુન સિંહજી ચૌહાણનું ડિજિટલ કાર્ડ નું લોન્ચિંગ કરવામાં આવ્યું. આ ડિજિટલ કાર્ડ whatsapp થકી ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તા સુધી પહોંચવાનું મજબૂત માધ્યમ બની રહેશે. આ કાર્ડની ઉપર આપેલ મોબાઈલ નંબર whatsapp, ટ્વીટર, instagram, facebook, ઈમેલ દ્વારા કાર્યકર્તા સુધી પહોંચવાનું સરળ માધ્યમ બની રહેશે. આજરોજ અધ્યક્ષ શ્રીની સાથે ટીમ ખેડાના તમામ હોદેદારો દ્વારા પ્રદેશ અધ્યક્ષની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

## આર.જી. કન્યા વિદ્યાલયમાં ઓનલાઈન વાલી મિટિંગ યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ધોરણ-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓની અને વાલીઓ સાથે-ઝૂમ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન મીટીંગ કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ વાલીઓ સાથે જોડાયા હતા. જયારે ૨૭ વધારે વેઈટીંગમાં હતા.

મિટિંગમાં આચાર્ય નિતેષભાઈ પટેલ, ઉ.મા. સુપરવાઈઝર શ્રીમતી કામિનીબેન મહંત તથા વર્ગશિક્ષક મિત્રો મહેન્દ્રભાઈ અને કમલેશભાઈ શર્મા પણ જોડાયા. મિટિંગમાં વિદ્યાર્થીઓની સાથે બોર્ડની એકઝામ, વર્ચ્યુઅલ કસોટી, ઓનલાઈન લેકચર, હેલ્પલાઈન કોલ નં. અંગે માહિતી પુરી પાડવામાં આવી. તથા વિદ્યાર્થીઓ અને વાલીઓના મૂંઝવતા પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

## એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલએ આઈપીઓ અગાઉ એક્કર રોકાણકારો પાસેથી રૂ. ૯૦ કરોડનું મૂડીભંડોળ ઊભું કર્યું

એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલ લિમિટેડએ શનિવારે જણાવ્યું હતું કે, કંપનીએ એના આઈપીઓ અગાઉ એક્કર રોકાણકારો પાસેથી રૂ. ૯૦ કરોડનું મૂડીભંડોળ ઊભું કર્યું છે. આઈપીઓ સોમવારે ખુલશે.

એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કંપનીએ ૧૦ એક્કર રોકાણકારોને શેરદીઠ રૂ. ૩૧૫ના ભાવે ૨,૮૫૭,૦૦૩ ઈક્વિટી શેર ફાળવણીને રૂ. ૮૯.૯૯ કરોડ ઊભા કર્યા છે.

એક્કર રોકાણકારોમાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ટાટા AIG જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, એસબીઆઈ ઈક્વિટી સેવિંગ્સ ફંડ અને એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ સામેલ છે.

આઈપીઓમાં રૂ. ૮૫ કરોડના ફ્રેશ શેર અને હાલના શેરધારકો દ્વારા ૬૮,૨૪,૯૯૩ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે.

વેચાણ-માટેની-ઓફર દ્વારા ટોન્ટબ્રિજ (મોરેશિયસ) લિમિટેડ, લીડ્સ (મોરેશિયસ) લિમિટેડ, કેમ્બ્રિજ (મોરેશિયસ) લિમિટેડ અને ગિલ્ડફોર્ડ (મોરેશિયસ) વેચાણ-માટેની-ઓફર દ્વારા શેર ઓફર થશે.

કંપનીએ આઈપીઓ માટે પ્રાઈસ બેન્ડ શેરદીઠ રૂ. ૩૧૩-૩૧૫ નક્કી કરી છે.

એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલ દેશમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસીસમાં અગ્રણી કંપની છે.

ઈશ્યૂ ૨૧-૨૩ દરમિયાન પબ્લિક સબસ્ક્રિપ્શન માટે ખુલ્લો રહેશે. પ્રાઈસ બેન્ડના અપર એન્ડ પર આઈપીઓ રૂ. ૩૦૦ કરોડનું મૂડીભંડોળ ઊભું કરશે એવો અંદાજ છે.

ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનાર મૂડીભંડોળનો ઉપયોગ એની પેટાકંપનીઓમાં રોકાણ દ્વારા મહારાષ્ટ્રમાં પિમ્પરી ચિંચવાડમાં વેસ્ટ-ટૂ-એનર્જી પ્રોજેક્ટનું આંશિક ધિરાણ કરવા, કંપનીના કુલ ઋણમાં ઘટાડો કરવા અને સાધારણ કોર્પોરેટ કામગીરી માટે થશે.

ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનજરો ઈક્વિરસ કેપિટલ અને આઈઆઈએફએલ સીક્યોરિટીઝ છે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

## જન્મદિને વધામણી



મીનાક્ષી જયસિંઘાની
લાયોનેસ ક્લબ



પ્રિયાંક ઠક્કર
મો. ૯૪૨૯૬ ૧૯૫૨૧




યોગેશ દિનેશભાઈ પરમાર



શશીકાંત મણીલાલ જોષી



કોકીલાબેન ધીરેન્દ્રભાઈ પરમાર
મો.૯૯૦૪૮ ૩૭૧૧૫



કુ. નિહારીકા ચિરાગ જોષી



કૌશલ પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક